
શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ તેરસ શુક્રવાર ૧૫ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૨

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# હોર્મુઝ ખોલવા અમેરિકાને મદદની ચીનની ઓફર

**જો કે** આ મદદના બદલામાં ચીન રાહતો ઈચ્છે છે

**ઇરાન** અને વ્યાપારના મુદ્દાઓ પર ચર્ચા થઇ, જિનપિંગે કહ્યું ટ્રેડ વોરમાં કોઈ જીતતું નથી, આપણે હરીફ નહીં-ભાગીદાર બનીએ

**મંત્રણા** દરમ્યાન જિનપિંગે ટ્રમ્પને તાઇવાન અંગે ચેતવણી આપી

**હોર્મુઝનો** માર્ગ ખુલ્લા રાખવા અંગે બંને નેતાઓમાં સહમતિ

**આર્થિક** સહયોગ વધારવાના માર્ગો ચર્ચાયા

**જિનપિંગને** ૨૪ સપ્ટેમ્બરે વ્હાઇટ હાઉસ આવવા ટ્રમ્પનું આમંત્રણ



### અમેરિકી કંપનીઓના વડાઓ બેઠકમાં જોડાયા, ફિન્ટેનિલ અંગે ચર્ચા થઇ

વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, કેટલીક મોટી અમેરિકી કંપનીઓના નેતાઓ પણ બેઠકના એક ભાગમાં જોડાયા હતા. નેતાઓએ અમેરિકામાં ફિન્ટેનિલ પ્રિકર્સર્સના પ્રવાહને સમાપ્ત કરવા માટે થયેલી પ્રગતિને આગળ વધારવાની અને અમેરિકી કૃષિ ઉત્પાદનોની ચીની ખરીદી વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ફિન્ટેનિલનો મુદ્દો વોશિંગ્ટન અને બેઇજિંગ વચ્ચે ઘર્ષણનો મોટો સ્ત્રોત રહ્યો છે, જેમાં ટ્રમ્પ વહીવટીતંત્ર વારંવાર ચીન પર ગુનાહિત જૂથો દ્વારા સિન્થેટિક ઓપિયોઇડ બનાવવા માટે વપરાતા કેમિકલ્સની નિકાસ પર અંકુશ લગાવવા માટે દબાણ કરી રહ્યું છે.

બેઇજિંગ, તા. ૧૪(પીટીઆઈ): ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે પર્શિયન ગલ્ફમાં ઈરાન દ્વારા કરવામાં આવેલી હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી દૂર કરવામાં અમેરિકાને મદદ કરવાની ઓફર કરી છે. ચીન ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં તેલ ખરીદે છે, તેથી જિનપિંગ આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગને ખુલ્લો રાખવા ઈચ્છે છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) ફરીથી ખુલે તેની સૌથી વધુ જરૂર ચીનને છે, અમેરિકાને નહીં. ટ્રમ્પના મતે ચીન તેની જરૂરિયાતનું લગભગ ૫૦% કાચું તેલ હોર્મુઝના માર્ગે આયાત કરે છે. જોકે, અમેરિકી ગુપ્તચર એજન્સીઓના અહેવાલો ટ્રમ્પના દાવા કરતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. એ

મુજબ ચીન પહેલેથી જ તેલનો મોટો સ્ટોક જમા કરીને બેઠું છે, એટલે કે તે લાંબા સમય સુધી આ સંકટનો સામનો કરી શકે તેમ છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, જિનપિંગે કહ્યું છે કે જો આ મામલે તેઓ કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે, તો તેઓ ચોક્કસ તૈયાર છે. જોકે ટ્રમ્પે જિનપિંગની શરતો વિશે સ્પષ્ટતા નથી કરી, પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે બેઈજિંગ આ મદદના બદલામાં અમેરિકા પાસેથી મોટી રાહતો ઈચ્છે છે:

**ટેરિફમાં રાહત:** અમેરિકા દ્વારા ચીની વસ્તુઓ પર લાદવામાં આવેલા ટેક્સમાં ઘટાડો.

**AI ચિપ્સની એક્સેસ:** અમેરિકાની અત્યાધુનિક AI ચિપ્સ (જેમ કે એનવીડિયાની ચિપ્સ) મેળવવાની મંજૂરી.

અમેરિકાએ પહેલેથી જ અલીબાબા અને ટેન્સેન્ટ જેવી ૧૦ ચાઈનીઝ કંપનીઓને H200 AI ચિપ્સ ખરીદવાની મંજૂરી આપી દીધી છે, જેના કારણે ગુરુવારે એનવીડિયાના શેરમાં ૪% થી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

ચીની પ્રમુખ ઝી જિનપિંગે તેમના અમેરિકી સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પને જણાવ્યું હતું કે તાઈવાનના મુદ્દાને યોગ્ય રીતે ન સંભાળવાથી બંને દેશો

...અનુસંધાન પાના 11 પર

## યુપીમાં વાવાઝોડા, વરસાદથી મૃત્યુઆંક ૧૧૧

**અનેક** જિલ્લાઓમાં બુધવારે સાંજે આવેલા તોફાનમાં ૭૨ને ઇજા, સૌથી વધુ ૨૧નાં મોત પ્રયાગરાજમાં

**વ્યાપક** નુકસાન: ૨૨૭ મકાનો ક્ષતિગ્રસ્ત, થાંભલા અને વૃક્ષો ઉખડી ગયા , ૧૭૦ પશુઓનાં મોત

લખનૌ, તા. ૧૪: ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં બુધવારે અચાનક આવેલા તીવ્ર વાવાઝોડા અને ભારે વરસાદને કારણે ઓછામાં ઓછા ૧૧૧ લોકોનાં મોત થયા છે તથા અન્ય ૭૨ને ઈજા થઈ છે. રાહત કમિશનરની કચેરીના જણાવ્યા અનુસાર, આ કુદરતી આફતમાં વૃક્ષો ધરાશાયી થયા છે અને મકાનોને નુકસાન પહોંચ્યું છે.

પ્રયાગરાજમાં સૌથી વધુ 21 લોકોના મોત થયા છે, જ્યારે ભદોહીમાં 18, મિર્ઝાપુરમાં 15, ફતેહપુરમાં 10, ઉન્નાવ અને બદાયુમાં 6-6, પ્રતાપગઢ અને બરેલીમાં 4-4, અને સીતાપુર, રાયબરેલી તથા ચંદૌલીમાં 2-2 લોકોનાં મોત થયા છે.

કાનપુર દેહાત, હરદોઈ અને સંભલમાંથી પણ બબ્બે મોતના સમાચાર મળ્યા છે; જ્યારે કૌશામ્બી, શાહજહાંપુર, સોનભદ્ર અને લખીમપુરમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. રિલીફ કમિશનરની કચેરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૩ મેના રોજ વાવાઝોડું, વરસાદ, કરા અને વીજળી પડવા સહિતના ખરાબ હવામાનને કારણે ૨૬ જિલ્લાઓમાંથી ૧૧૧ લોકોના મોતનાં અહેવાલ પ્રાપ્ત થયા છે. રાજ્યમાં ૭૨ વ્યક્તિઓ ઘાયલ થયા છે, ૧૭૦ પશુઓના મોત અને ૨૨૭ મકાનોને નુકસાન થયું હોવાનું નોંધાયું છે. તેમાં વધુમાં જણાવાયું છે કે મુખ્યમંત્રીએ તમામ ડિવિઝનલ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટોને પૂરી સંવેદનશીલતા સાથે ઘટનાઓની ચકાસણી કરવા અને અસરગ્રસ્ત પરિવારો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરી ૨૪ કલાકની અંદર આર્થિક સહાયનું વિતરણ સુનિશ્ચિત કરવા તેમજ અન્ય જરૂરી મદદ પૂરી પાડવા નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રી આદિત્યનાથે ૨૪ કલાકમાં રોકડ સહાય વિતરણ કરવાનું પણ જણાવ્યું છે.

બુધવારે સાંજે અચાનક બદલાયેલા હવામાનને કારણે ઘણા લોકોએ વૃક્ષો અને ફ્લાયઓવર નીચે આશરો લીધો હતો. રાજ્યના મોટા ભાગોમાં ધૂળની ડમરીઓ છવાઈ ગઈ હતી, જેના કારણે દૃશ્યક્ષમતા ઘટી ગઈ હતી અને હોર્ડિંગ્સ તેમજ પતરાના શેડ ઉડી ગયા હતા. ભારે પવનને કારણે વૃક્ષો અને વીજળીના થાંભલા પણ ઉખડી ગયા હતા, જેમાંથી ઘણા રસ્તાઓ પર પડતા વાહનવ્યવહાર ખોરવાયો હતો, વાહનો દબાઈ ગયા હતા અને મકાનોને નુકસાન થયું હતું.

...અનુસંધાન પાના 11 પર



## બરેલીમાં પવનના તોફાનમાં એક શખ્સ પતરા સાથે હવામાં ૫૦ ફૂટ ઉછળ્યો

**આ** ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો, લોકો તેને એઆઇથી બનાવેલો વીડિયો સમજી બેઠા

**શખ્સને** અનેક ઇજાઓ, હાથ-પગમાં ફ્રેક્ચર

બરેલી, તા. ૧૪(પીટીઆઈ): એક ચોંકાવનારી ઘટનામાં, ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં આવેલા શક્તિશાળી તોફાન દરમિયાન એક વ્યક્તિ પતરાની છત સાથે હવામાં લગભગ ૫૦ ફૂટ ઊંચે ફંગોળાયો હતો અને ખેતરમાં જઈ પડ્યો હતો. આ પ્રતિકૂળ હવામાનને કારણે જિલ્લામાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે.

વીડિયોમાં દેખાતો વ્યક્તિ બામિયાણા ગામનો નન્હે મિયાં છે, જે બુધવારે બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે, પતરાની છત પકડી રાખવા દરમિયાન તે વ્યક્તિ હવામાં ફંગોળાય છે. ત્યારબાદ તે પકડ છોડી દે છે, હવામાં પલટી ખાય છે અને બાજુના ખેતરમાં પટકાય છે.

શરૂઆતમાં, કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે આ વીડિયો પર અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને શંકા વ્યક્ત કરી હતી કે તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા બનાવવામાં આવ્યો છે. પરંતુ ઈ-રિક્ષા ચાલક નન્હે માટે આ અનુભવ તદ્દન વાસ્તવિક છે. આશરે ૫૦ વર્ષીય નન્હેએ જણાવ્યું કે જ્યારે તોફાન તેજ બન્યું ત્યારે તે એક વેડિંગ હોલમાં કેટલીક વસ્તુઓ લેવા ગયો હતો. તેણે કહ્યું, પવન એટલો જોરદાર હતો કે પતરાનો શેડ જોરજોરથી અવાજ કરવા લાગ્યો હતો. મને લાગ્યું કે જો હું તેને નહીં પકડું તો તે તોફાનમાં ઉડી જશે, તેથી મેં તરત જ શેડ સાથે બાંધેલું દોરડું પકડી લીધું. ત્યારબાદ પવનનો એક જોરદાર ઝાપટો આવ્યો અને શેડની સાથે મને પણ હવામાં ઊંચકી લીધો. તોફાન નબળું પડ્યું તે પહેલાં હું હવામાં લગભગ ૫૦

...અનુસંધાન પાના 11 પર



## દિલ્હી ડાયરી

### પંજાબમાં સત્તાનો બદલાતો પ્રવાહ

પંજાબમાં ભગવંત માનના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી (આપ) સરકાર પર તેના વિરોધીઓ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે તે પોતાના રાજકીય પ્રતિસ્પર્ધીઓ અને પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયાને નિશાન બનાવવા માટે રાજ્યની પોલીસનો દુરુપયોગ કરી રહી છે.

આ વ્યૂહરચના, જે કેન્દ્ર સરકાર દ્વારા તપાસ એજન્સીઓના કથિત દુરુપયોગની યાદ અપાવે છે, તેના વિશે એવું કહેવાય છે કે આ ટ્રેન્ડ પક્ષના ભૂતપૂર્વ સાંસદ સંદીપ પાઠક દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જેઓ તાજેતરમાં જ 'આપ' છોડીને ભાજપમાં જોડાયા છે. તાજેતરમાં જ, પાઠક સામે બિનજામીનપાત્ર કલમો હેઠળ બે એફઆઈઆર નોંધાયા બાદ દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસે પંજાબ પોલીસની ટીમ તપાસ માટે પહોંચે તે પહેલાં જ તેઓ નાટ્યાત્મક રીતે ત્યાંથી નાસી છૂટ્યા હતા.

ટીવી ન્યૂઝ ચેનલોના ક્રૂ દ્વારા તેમને ઇન્ડિયા ગેટ નજીક આવેલા પંડારા પાર્ક સ્થિત તેમના ઘરની પાછળની ગલીમાંથી એક એસયુવી કારમાં ભાગતા જોવામાં આવ્યા હતા. ત્યાંથી નીકળતાં પહેલાં,

...અનુસંધાન પાના 11 પર

### દસ દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો

## કેરળના મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસે સતીશનના નામની જાહેરાત કરી

**કેસી** વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલાને પછાડી સતીશને મારી બાજી

**વિધાનસભા** પક્ષના નેતા ચુંટાયા, ગર્વનરને મળીને સરકાર રચવાનો દાવો રજૂ કર્યો

**સોમવારે** શપથવિધિ યોજાય તેવી શક્યતા



નવી દિલ્હી, તા.14(પીટીઆઇ) કોંગ્રેસે ગુરુવારે કેરળના આગામી મુખ્યમંત્રી તરીકે વીડી સતીશનના નામની જાહેરાત કરી છે, જેની સાથે જ આ પદને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળો અને સસ્પેન્સનો અંત આવ્યો છે.

અહીં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કેરળના એઆઈસીસી પ્રભારી દીપા દાસમુનશી અને રાજ્ય માટે પક્ષના કેન્દ્રીય નિરીક્ષકો અજય માકન અને મુકુલ વાસનિક તેમજ કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશ દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. દાસમુનશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, તમામ ચર્ચાઓના આધારે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે વીડી સતીશનને સીએલપીના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવે. તેના પછી કેરળ કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી અને સતીશનને વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે

...અનુસંધાન પાના 11 પર

## કલકત્તા હાઈકોર્ટમાં 'વકીલ' મમતા બેનર્જીની એન્ટ્રી

**ભૂતપૂર્વ** મુખ્યમંત્રી વકીલના વેશમાં કલકત્તા હાઇકોર્ટમાં પહોંચ્યા

**ચૂંટણી** પછીની હિંસા અને પોલીસ નિષ્ક્રિયતા અંગે રજૂઆતો કરી

મમતાની રજૂઆત પછી કાયદો વ્યવસ્થા સુનિશ્ચિત કરવા બંગાળ સરકારને કલકત્તા હાઇકોર્ટનો આદેશ

કોલકાતા, તા. 14(PTI): તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીએ ગુરુવારે કલકત્તા હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી

...અનુસંધાન પાના 11 પર



### કેટલાક વકીલોએ મમતાનો હુરિયો બોલવ્યો

રજૂઆત કરીને જ્યારે મમતા બેનરજી હાઇકોર્ટ પરીસર છોડી રહ્યા હતા ત્યારે વકીલોના એક જૂથે તેમની સામે બૂમો પાડી હતી અને ચોરના સૂત્રોચ્ચારો કર્યા હતા. મમતાની સાથે આવેલા પક્ષના નેતા અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી કલ્યાણ બેનરજીએ કહ્યું હતું કે ભાજપની અસર હેઠળ કેટલાક વકીલોએ આવું વર્તન કર્યું હતું.

### મમતા હાલ વકીલાત કરવાને પાત્ર છે?: બીસીઆઇએ વિગતો મંગાવી

**બાર** કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલને ૪૮ કલાકમાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું

નવી દિલ્હી, 14(PTI): પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી કલકત્તા હાઈકોર્ટમાં વકીલના ડ્રેસમાં હાજર થયાના કલાકો બાદ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ગુરુવારે પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલને

...અનુસંધાન પાના 11 પર

## બાકી રહેલા ૧૬ રાજ્યો અને ૩ સંઘપ્રદેશોમાં ૩૦મીથી SIR

**મતદાર** યાદી સમીક્ષાની ત્રીજા તબક્કાની આ પ્રક્રિયામાં ૩૬ કરોડથી વધુ મતદારોને આવરી લેવાશે

**દમણ**, દીવ તથા દાદરા અને નગર હવેલીમાં પણ આ પ્રક્રિયા શરૂ થશે, ગુજરાતમાં થઇ ચુકી છે

નવી દિલ્હી, તા. 14(PTI): ચૂંટણી પંચે ગુરુવારે 16 રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં 36.73 કરોડ મતદારોને આવરી લેતી મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)ના ત્રીજા તબક્કાની જાહેરાત કરી છે, જે 30 મેથી તબક્કાવાર શરૂ થશે. જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR હાથ ધરવામાં આવશે તેમાં દિલ્હી, ઓડિશા, મિઝોરમ, સિક્કિમ, મણિપુર, ઉત્તરાખંડ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, તેલંગાણા, પંજાબ, કર્ણાટક, મેઘાલય, મહારાષ્ટ્ર, ઝારખંડ, નાગાલેન્ડ, ત્રિપુરા તેમજ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો સમાવેશ થાય છે. પંજાબ, ઝારખંડ, કર્ણાટક અને તેલંગાણા એ એવા રાજ્યો છે જ્યાં આ કવાયત યોજાશે અને ત્યાં વિપક્ષનું શાસન છે.

આ નવીનતમ મતદાર યાદી સુધારણા કવાયત દરમિયાન 3.94 લાખથી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) 36.73 કરોડ મતદારોના ઘરે-ઘરે જશે. ગણતરીના તબક્કા

...અનુસંધાન પાના 11 પર

## હોર્મુઝની સામુદ્રધૂનિમાં ગુજરાત આવતું વધુ એક જહાજ ડૂબી ગયું

**'હાજી અલી'** નામનું જહાજ ઓમાન નજીકથી પસાર થતું હતું ત્યારે ડ્રોન જેવું કોઇ શસ્ત્ર અથડાયું, 14 કર્મચારીઓ બચી ગયા

**અગાઉ** સાતમી મેના રોજ પણ એક ગુજરાતી માલિકીનું માલવાહક જહાજ ડૂબી ગયું હતું

**હુમલો** કોણે કર્યો તે અસ્પષ્ટ, ભારતે હુમલાને વખોડ્યો

નવી દિલ્હી, તા. ૧૪: અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા જંગ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટમાં ગુજરાતનું વધુ એક માલવાહક જહાજ ડૂબી ગયું છે. 'હાજી અલી' નામનું આ જહાજ 13 મેની સવારે ઓમાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે તેની સાથે ડ્રોન અથવા મિસાઈલ જેવું કોઈ હથિયાર અથડાયું હતું.

આ અકસ્માત બાદ જહાજમાં ભીષણ આગ લાગી ગઈ હતી, જો કે ઓમાન કોસ્ટગાર્ડે તમામ 14 ક્રૂ મેમ્બર્સનો સુરક્ષિત બચાવ કર્યો છે. ગુજરાતના દ્વારકાના રહેવાસી અને જહાજ માલિક સુલતાન અહેમદ અન્સારે જણાવ્યું હતું કે, MSV હાજી અલી જહાજ બેરબેરા પોર્ટથી શારજાહ જઈ રહ્યું હતું. સવારે લગભગ 3:30 વાગ્યે ઓમાનના દરિયા કિનારા પાસે જહાજ અકસ્માતનો ભોગ બન્યું હતું. ક્રૂ મેમ્બર્સના જણાવ્યા અનુસાર, જહાજ સાથે કોઈ વિસ્ફોટક જેવી વસ્તુ અથડાવાનો અવાજ સંભળાયો હતો. ત્યારપછી જહાજમાં આગ લાગી ગઈ હતી. સ્થિતિ બગડતા તમામ 14 ક્રૂ મેમ્બર્સ લાઈફ બોટની મદદથી જહાજ છોડીને બહાર નીકળી ગયા હતા. ઓમાનના કોસ્ટ ગાર્ડ વાળા તેમને કાંઠે લઈ આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા 7 મેના રોજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલું દ્વારકાનું અન્ય એક

...અનુસંધાન પાના 11 પર

## ભારતે ખાંડની નિકાસ પર 30 સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ મૂક્યો

**ઘરઆંગણે** ભાવોને નિયંત્રણમાં રાખવા લેવાયેલું પગલું

**આ** આદેશ ઇયુ અને અમેરિકામાં CXL અને ટેરિફ રેટ ક્વોટા (TRQ) વ્યવસ્થા હેઠળ નિકાસ કરવામાં આવતી ખાંડને લાગુ પડશે નહીં

**જે** ખાંડ અગાઉથી જ નિકાસની પ્રક્રિયામાં છે તેને પણ આ પ્રતિબંધ લાગુ નહીં પડે

નવી દિલ્હી, તા. 14(PTI): ભારતે ખાંડની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને ભાવને નિયંત્રણમાં રાખવા માટે આ વર્ષે 30 સપ્ટેમ્બર સુધી તાત્કાલિક અસરથી ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. અગાઉ નિકાસ 'નિયંત્રિત' શ્રેણી હેઠળ હતી, જે અંતર્ગત નિકાસ માટે લાયસન્સની જરૂર પડતી હતી.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ 13 મેના રોજ જારી કરેલી એક સૂચનામાં જણાવ્યું છે કે, ખાંડ (કાચી ખાંડ, સફેદ ખાંડ અને શુદ્ધ ખાંડ) ની નિકાસ નીતિ 'નિયંત્રિત' થી બદલીને 'નિષેધ' કરવામાં આવી છે, જે 30 સપ્ટેમ્બર, 2026

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૪-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૪૩.૨° સે. | ૨૯.૨° સે. | ૧૮% |